રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના નવા ૧૦૮૧ કેસ

રાજ્યમાં રોજના ૧૫૦૦૦ ટેસ્ટ : આજે ૧૩,૯૪૪ કોરોના ટેસ્ટ કરાતા રાજ્યની વસતિને ધ્યાનમાં લેતા પ્રતિદિન ૨૧૪.૫૨ ટેસ્ટ પ્રતિ મિલિયન થયા

ગાંધીનગર, તા. ૨૫

એક તરફ કોરોના મહામારી કેડો છોડી રહી નથી તો બીજી બાજુ વહીવટીતંત્ર આનાથી પીછો છોડાવવા નક્કર પગલાં લઈ રહ્યું છે. રાજ્યમાં રોજ રોજ ૧૪થી ૧૫ હજાર કોરોના સંદર્ભે ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. જેમાં આજે કુલ ૧૩૯૪૪ ટેસ્ટ કરવામાં આવ્યા. જે રાજ્યની વસતિને જોતા પ્રતિદિન ૨૧૪.૫૨ ટેસ્ટ પ્રતિ મિલિયન જેટલા થવા જાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૬,૨૦,૬૬૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આજે રાજ્યભરના વિવિધ જિલ્લામાં ૧૦૮૧ દર્દી નોંધાયા છે. જ્યારે ૭૮૨ દર્દી સાજા થઈને ઘરે પહોંચ્યા છે.

દરમિયાનમાં રાજ્યના જુદા જુદા જિલ્લામાં આજદિન સુધીમાં કુલ ૪,૫૭,૩૧૭ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવી છે. જે પૈકી ૪,૫૫,૫૮૫ વ્યક્તિઓ હોમકવોરન્ટાઈન છે. જ્યારે ૧૭૩૨ વ્યક્તિને ફેસેલિટી ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવી છે. રાજ્યમાં આજે કુલ ૨૨ જણાના મોત થયા છે જેમાં સુરતમાં ૧૦, અમદાવાદમાં ૪, વડોદરામાં ૨, ભાવનગર, ગાંધીનગર, જુનાગઢ, કચ્છ, રાજકોટ અને સુરતમાં ૧-૧ વ્યક્તિનું મોત થયું છે. રાજ્યમાં કુલ એકટીવ કેસની સંખ્યા ૧૨,૭૯૫ છે. જેમાંથી ૧૨,૭૦૮ લોકો સ્ટેબલ છે તથા ૮૭ જણા વેન્ટીલેટર ઉપર છે. સમગ્રતઃ ડીસ્ચાર્જ લોકોની સંખ્યા ૩૯,૬૧૨ થઈ છે. જ્યારે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૨૩૦૫ પર પહોંચ્યો છે. દેશમાં નવા નોંધાયેલા કેસની સંખ્યાની દૃષ્ટીએ ગુજરાત ૧૧માં ક્રમે છે. જ્યારે આ બાબતે મહારાષ્ટ્ર ૯૬૧૫ કેસ સાથે ટોચ પર છે. આંધ્રપ્રદેશમાં આજે ૮૧૪૭, તમિલનાડુમાં ૬૭૮૫, કર્ણાટકમાં ૫૦૦૭, ઉત્તરપ્રદેશમાં ૨૬૬૭, બિહારમાં ૧૯૪૬, તેલંગાણામાં ૧૬૪૦, ઓરિસ્સામાં ૧૫૯૪ અને આસામમાં ૧૧૩૦ કેસ નોંધાયા છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૫૫૨૯	૧૫૭૩	૨૦૩૨૩
સુરત	૧૧૩૭૩	૩૫૨	૭૭૨૧
વડોદરા	૪૦૮૮	૬૭	૩૩૧૫
રાજકોટ	૧૩૩૪	૨૨	૬૨૭
ભાવનગર	૧૧૫૦	૨૧	૭૩૨
ગાંધીનગર	૧૩૯૮	૭૨	૯૧૪
કચ્છ	૪૩૯	૧૬	૨૩૬
મહેસાણા	૭૧૭	૧૬	૨૮૦
ગીર-સોમનાથ	૨૮૯	૦૫	૯૦
પોરબંદર	૩૯	૦૨	૨૯
પંચમહાલ	૩૮૦	૧૬	૨૪૯
પાટણ	૪૭૭	૨૩	૩૦૩
છોટાઉદેપુર	૧૧૬	૦૨	૮૨
જામનગર	૫૬૭	૧૨	૩૦૫
મોરબી	૧૮૦	૦૫	૧૨૨
સાબરકાંઠા	૩૫૯	૦૮	૨૩૩
આણંદ	૪૦૬	૧૩	૩૫૨
દાહોદ	૩૯૫	૦૫	૭૧
ભરૂચ	૭૩૬	૧૧	૪૬૨
બનાસકાંઠા	૫૭૮	૧૬	૪૨૨
ખેડા	૫૦૯	૧૪	૩૭૫
બોટાદ	૧૯૨	૦૫	૧૩૬
નર્મદા	૨૩૨	૦૦	૧૩૦
અરવલ્લી	૨૯૧	૨૪	૨૪૨
મહીસાગર	૨૬૬	૦૨	૧૭૪
નવસારી	૪૪૮	૦૬	૨૯૧
તાપી	૧૧૮	૦૧	૭૧
વલસાડ	૫૨૫	૦૫	૩૧૨
જૂનાગઢ	૭૨૨	૧૦	૧૯૪
સુરેન્દ્રનગર	૫૮૯	૦૮	૨૩૪
દેવભૂમિ દ્વારકા	૩૯	૦૩	૨૬
ડાંગ	૦૯	૦૦	૦૯
અમરેલી	૨૯૪	૦૯	૧૬૯
કુલ	૫૪૭૧૨	૨૩૦૫	૩૯૬૧૨

બનાસકાંઠામાં કોરોનાના નવા ૨૯ કેસ

ડીસા ૬, કાંકરેજ ૨, વાવ ૭, થરાદ ૭, દિયોદર ૩, ભાભર ૩, સુઇગામ ૧

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કોરોના પોઝિટિવ નવા ૨૯ કેસ નોંધાયા હતા. ડીસા ૬, કાંકરેજ ૨, વાવ ૭, થરાદ ૭, દિયોદર ૩, ભાભર ૩, સુઇગામ ૧ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૬૮૧ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૪૦ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ ગંભીર હદે વધી રહ્યું છે. જ્યાં પશ્ચિમ વિસ્તારમાં ચેપ પ્રસરતા એક પછી એક લોકો કોરોનાની ઝપટે ચડી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે શનિવારે કોરોના પોઝિટિવ નવા ૨૯ કેસ નોંધાયા હતા. ડીસા ૬, કાંકરેજ ૨, વાવ ૭, થરાદ ૭, દિયોદર ૩, ભાભર ૩, સુઇગામ ૧ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૬૮૧ પહોંચી ગઈ છે. તેમજ મૃત્યુઆંક ૪૦ થવા પામ્યો છે. આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, પોઝિટિવ આવેલા દર્દીઓને કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરી હોમ કોરેન્ટાઇન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જીલ્લા મથક પાલનપુરમાં શનિવારે પણ કોરોના પોઝિટિવ કેસ નોંધાયો ન હતો. બીજી તરફ પાલનપુર શહેર ઉપરાંત આજુબાજુના ગ્રામિણ વિસ્તારમાં લોકોએ ખાનગી લેબોરેટરીમાં કરાવેલા રિપોર્ટ પોઝિટિવ આવી રહ્યા છે. જોકે, તંત્ર દ્વારા આ કેસોની ગણત્રી કરવામાં આવતી નથી. પરંતુ આ વિસ્તાર કન્ટેઇનમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવી રહ્યો છે. ત્યારે તંત્રની કામગીરી સામે અનેક અણિયાળા સવાલો ઉદ્દભવી રહ્યા છે.

સાબરકાંઠામાં કોરોનાના નવા ૧૦ કેસ

ઈડર, વડાલી અને પ્રાંતિજ તાલુકામાં કોરોનાનો કહેર યથાવત : હિંમતનગર શહેર અને તાલુકામાં પાંચ કેસ

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના પોઝીટીવના દસ કેસ વધતાની સાથે જ જિલ્લામાં કોરોના પોઝીટીવના કુલ કેસનો આંકડો ૩૫૧ પર પહોંચી ગયો છે. જમાં પાંચ કેસ હિંમતનગર શહેર અને તાલુકાના છે. જ્યારે ઈડર, વડાલી અને પ્રાંતિજ તાલુકો પણ કોરોના પોઝીટીવ કેસમાં અટકવાનું નામ લેતો નથી.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જે દસ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરના વ્હોરવાડ વિસ્તારમાં ૩૦ વર્ષીય મહિલા, પોલોગ્રાઉન્ડમાં ૬૭ વર્ષીય પુરૂષ તથા ઉમિયા સીટીમાં ૬૭ વર્ષીય પુરૂષ ઉપરાંત હડીયોલમાં ૩૯ વર્ષીય પુરૂષ તથા કનાઈ ગામે રહેતા ૬૫ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેજ પ્રમાણે ઈડરના ભદ્રેસર ગામમાં રહેતા ૪૪ વર્ષીય પુરૂષ તથા મોહનપુર ગામનાં ૩૫ વર્ષિય યુવક કોરોનાની ઝપેટમાં આવતા સારવાર માટે ખસેડાયા છે.

તેજ પ્રમાણે વડાલી તાલુકાના ઘામડી ગામે ૬૦ વર્ષીય પુરૂષ અને સવાસલા ગામના ૫૫ વર્ષીય પુરૂષ ઉપરાંત પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામમાં ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ જોવા જઈએ તો જિલ્લામાં શનિવારે કુલ કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૩૫૧ પર પહોંચી ગયો છે. જે પૈકી ૨૪૮ દર્દીઓ સાજા થયા છે અને ૯૬ કેસ એક્ટીવ છે. અત્યાર સુધીમાં હિંમતનગર તાલુકામાં ૧૫૯, પ્રાંતિજમાં ૭૩, ઈડરમાં ૪૯, તલોદમાં ૨૬, વડાલીમાં ૧૯, ખેડબ્રહ્મામાં ૧૨, વિજયનગરમાં ૯ અને પોશીનામાં ૪ કેસ નોંધાયા છે. જેથી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પોઝીટીવ કેસની સંખ્યા ૨૦૧ અને શહેરી વિસ્તારમાં ૧૫૦ થવા જાય છે.

બ્રિજેશ મેરજાએ ભાંગરો વાટ્યો

સીઆર પાટીલને કોંગ્રેસના નવા વરાયેલા પ્રમુખ કહ્યા

અમદાવાદ, તા. ૨૫

કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા ધારાસભ્યોનો કોંગ્રેસ પ્રેમ હજુ ઉતર્યો નથી. આવો જ એક બનાવ મોરબી-માળીયાના ધારાસભ્ય બ્રિજેશ મેરજા સાથે બન્યો છે. મેરજાએ તાજેતરમા જ રાજ્યમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસને અલવિદા કરી અને ભાજપનો કેસરિયો પહેરી લીધો છે.

જો કે, કોંગ્રેસમાં કામ કર્યુ અને કાર્યકર હોવાના કારણે તેમનો કોંગ્રેસ પ્રેમ હજુ ઉતર્યો નથી. દરમિયાન તેમણે મોરબી કોંગ્રેસ છોડી અને ભાજપમાં જોડાવાના કાર્યક્રમ બાદ યોજાયેલી પ્રેસ કૉન્ફરન્સમાં શબ્દોના ગુંચવાડા ઊભા કર્યા હતા. મેરજાએ ભાંગરો વાટતા સોશિયલ મીડિયા પર રમૂજ થઈ હતી. તેમણે ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલને કોંગ્રેસના નવા વરાયેલા પ્રમુખ ગણાવ્યા હતા. મેરજા કહ્યું હતું કે કોંગ્રેસના નવા વરાયેલા પ્રમુખ સીઆર પાટીલ સાહેબની આગેવાનીમાં કોંગ્રેસના આગેવાનો કમળ ખીલવશે.

પોશીનામાં બે અને ખેડબ્રહ્મામાં દોઢ ઈંચ વરસાદ

પ્રાંતિજ, તલોદમાં એક ઈંચથી વધુ વરસાદ : પાકને જીવતદાન મળ્યુ

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજાના રીસામણાને કારણે મોલાત મુરઝાઈ રહી હતી ત્યારે શુક્રવારે મોડી સાંજે અચાનક વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ પોશીનામાં એક કલાકમાં બે જ્યારે પ્રાતંજ તલોદમાં એક ઈંચથી વધુ વરસાદ થવાને કારણે આંશિક રીતે પાકને જીવતદાન મળ્યુ છે. જોકે હિંમતનગર, વડાલી, વિજયનગરમાં વરસાદના સામાન્ય છાંટા પડ્યા હતા.

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૦ દિવસથી વરસાદ ન થવાને કારણે વાતાવરણમાં બાફ અને ઉકળાટનું પ્રમાણ સતત વધી રહ્યું છે. દિવસો અને રાત્રે આકાશમાં વાદળોની સંતાકુકડી રમાતી હોવા છતા મેઘરાજાના રીસામણા દૂર થતા નથી. જેથી જિલ્લામાં ખેડૂતોએ હજારો હેક્ટરમાં વાવેતર કરેલ કપાસ, મગફળી, અડદ, તલ તથા ગવારનો પાક ગરમીથી મુરજાઈ ગયો હતો. દરમિયાન શુક્રવારે મોડી રાત્રે જિલ્લામાં ચઢી આવેલા ઘનઘોળ વાદળોને લીધે ચોમાસાનો માહોલ સર્જાયો હતો અને તરત જ પોશીના, ખેડબ્રહ્મા, પ્રાંતિજ તથા તલોદ પંથકમાં જોરદાર પવન સાથે વરસાદ વરસી પડ્યો હતો. જેને લીધે રોડ પર પાણી વહેવા માંડ્યુ હતુ. એક કલાક સુધી પડેલા જોરદાર વરસાદને કારણે પોશીના, પ્રાંતિજ અને તલોદ પંથકમાં વીજ પુરવઠો ખોરવાઈ જવા પામ્યો હતો.

બીજી તરફ ડાંગરના ભંડાર તરીકે ઓળખાતા પ્રાંતિજ અને હિંમતનગર તાલુકામાં અત્યારે ડાંગરની રોપણીનું કામ પુરજોશમાં ચાલી રહ્યું હોવાથી આ પંથકમાં પડેલા વરસાદે ખેડૂતો માટે રાહત આપી છે. ઉપરાંત કઠોળ પાક માટે પણ શુક્રવારે રાત્રે પડેલો વરસાદ આશીર્વાદરૂપ બન્યો છે. જો કે હજુ સાબરકાંઠા જિલ્લામાં વધુ વરસાદની જરૂરીયાત ચોક્કસ છે ત્યારે શુક્રવારે રાત્રે એક કલાકમાં પોશીનામાં ૪૯, ખેડબ્રહ્મામાં ૩૧, તલોદમાં ૨૧ જ્યારે પ્રાંતિજમાં ૨૯ મી.મી. વરસાદ પડ્યો હોવાનું ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયું છે. તે સિવાય વડાલી, વિજયનગર અને હિંમતનગરમાં સામાન્ય કહી શકાય તેવા વરસાદના છાંટા પડ્યા હતા જેના લીધે બાફ અને ઉકળાટ વધી ગયો હતો. જિલ્લામાં અત્યાર સુધી ૨૫.૦૩ ઈંચ વરસાદ પડ્યો હોવાનું ડીઝાસ્ટર વિભાગનું માનવું છે.

હવે હોટલ તથા સાર્વજનિક સ્થળોએ ટેસ્ટિંગ શરૂ કરાયા

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદમાં કોરોનાના કેસમાં સતત વિસ્ફોટ થઈ રહ્યો છે. આવામાં કોરોનાના કેસને કાબૂમાં રાખવું જરૂરી બની ગયું છે. ત્યારે એએમસી તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. એએમસી તંત્ર દ્વારા હવે કોરોનાનું સંક્રમણ રોકવા માટે નવી રણનીતિ બનાવવામાં આવી છે. એએમસી દ્વારા હવે વ્યાપક ટેસ્ટિંગ શરૂ કરાયા છે. જેથી વધુને વધુ કોરોનાના કેસ સામે આવી શકે છે. તેમજ કોરોનાના સંક્રમિતોને રોકી પણ શકાય. તો આ સાથે જ નવી રણનીતિમાં ધાર્મિક સ્થળો, ખાનગી હોટલ તથા સાર્વજનિક સ્થળોએ કોરોનાના ટેસ્ટિંગ કરવાની શરૂઆત કરાઈ છે. એએમસી દ્વારા પોતાના સફાઈ કર્મીઓના પણ કોરોના ટેસ્ટ શરૂ કરાયા છે. શહેરમાં આવેલી વિવિધ વોર્ડ ઓફિસ અને મસ્ટર સ્ટેશનમાં ટેસ્ટ કરાઈ રહ્યા છે. કોરોના સંક્રમણ રોકવા છસ્ઝ એ જે નવી રણનીતિ બનાવી છે તે મુજબ આજે ખાનગી હોટલના સ્ટાફનું ટેસ્ટિંગ શરૂ કરાયું છે.

બેઠક યોજાઈ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન અને અભ્યાસક્રમ સહીતના મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જયારે આ બેઠક દરમિયાન શિક્ષણમંત્રીન જણાંવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે શાળાઓ શરૂ કરવા અંગેનો નિર્ણય કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા પ્રમાણે તેમજ આરોગ્ય વિભાગનો અભિપ્રાય મેળવ્યા બાદ શરૂ કરાશે. આ ઉપરાંત શિક્ષણમંત્રીની સુચના મુજબ જે તે સમયની પરિસ્થિતિને ધ્યાને લઈને જો શાળાઓ સપ્ટેમ્બર મહીનામાં શરૂ કરી શકાય તેમ ન હોય તો શૈક્ષણિક કાર્યના દિવસો અને અભ્યાસક્રમના આયોજન અંગે વિકલ્પ-૧ મુજબ તૈયાર કરવુ તેમજ જો ઓકટોબર મહીનામાં શાળા શરૂ કરવાની હોય તો વિકલ્પ -૨ મુજબ અને નવેમ્બર મહીનામાં શાળાઓ શરૂ કરી શકાય તેમ હોય તો વિકલ્પ -ત્રણ મુજબ આયોજન કરવુ તેમ પણ નક્કી કરવામાં આવ્યુ હતુ. જયારે આ અંગે વધુ વિચારણા માટે પણ હજુ બેઠક બોલાવાનુ નક્કી કરવામાં આવ્યુ છે.

પાંચ કેસ નોંધાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ક્લાર્ક તરીકે નોકરી કરતા અને સે. ૬-સી માં રહેતા ૩૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન ૩ દિવસ પૂર્વે જ ઉનાથી ગાંધીનગર આવ્યો હતો. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી અને તંત્રને લેખિતમાં બાંહેધરી આપતાં તંત્રએ તેને મંજૂર રાખેલ છે.

આ દર્દીના પરિવારના અન્ય ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

કૃષિભવનમાં આસિ. ડાયરેક્ટર તરીકે ફરજો બજાવતા અને સે. ૫-બી માં રહેતા ૩૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૫ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

શહેરમાં નોંધાયેલા કેસોમાં ૩૦૦ થી વધુ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં સઘન સર્વેલન્સની કામગીરીને વેગીલી બનાવવામાં આવી રહી છે એટલુ જ નહિ શહેરમાં એન્ટીજન ટેસ્ટ પણ હવે શરૂ કરવામાં આવી રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મેઘરાજા મહેરબાન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદે વિરામ લેતા વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વધ્યુ હતુ. જયારે ગઈકાલે રાત્રિના સમયે અચાનક જ વાતાવરણ પલ્ટાના અંતે ધોધમાર વરસાદ વરસ્યો હતો જયારે આજે પણ સવારથી વાદળિયા વાતાવરણના લીધે અચાનક જ સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. જયારે સાંજે ગોરંભાયેલા વાદળો વરસી પડયા હતા. ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી શહેરમાં સિઝનનો ૧૬ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જયારે જિલ્લામાં પણ અત્યાર સુધી નોંધપાત્ર વરસાદ થયો છે. જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૩૮.૫૮ ટકા વરસાદ વરસ્યો છે. જેમાં દહેગામ તાલુકામાં ૪૨.૭૪, ગાંધીનગર તાલુકામાં ૩૬.૯૫, કલોલમાં ૨૬.૫૯ અને માણસામાં સૌથી વધુ ૪૭.૦૯ ટકા વરસાદ નોંધાયો છે.

શહેર જિલ્લામાં અત્યાર સુધી ખેતીલાયક વરસાદ સારો થતા ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. શહેરમાં વરસાદી ઋતુ નિખરતા ઠેર ઠેર વરસાદી સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. શહેરમાં વરસાદી મોસમમાં ઠેર ઠેર ભયજનક ગાબડા જોવા મળી રહ્યા છે. કોર્પોરેશને સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન માટે કરેલી ખોદકામગીરીના અંતે હાલ ઠેર ઠેર માટી પોલાણના લીધે જોખમી સ્થિતિ ઉભી થઈ છે. જેના લીધે શહેરીજનો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. કોર્પોરેશને ખોદેલા ખાડા તેમણે જ પુરવા જોઈએ તેની બદલે અન્ય વિભાગ પર દોષનો ટોપલો ઢોળીને આમ નાગરિકોને પડતી હાલાકીનો વિચાર કરવામાં આવતો નથી.

વધુ ૨૪ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવોલમાંથી એક નિવૃત્ત આર્મીમેન જે ૬૬ વર્ષની વય ધરાવે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત વીર નર્મદ યુનિ.માં પ્રોફેસર તરીકે નોકરી કરતા એક ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આમ વાવોલમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે.

રાંધેજામાંથી ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન પશુપાલન વિભાગમાં વર્ગ-૪ નો કર્મચારી હોવાનું જાણવા મળેલ છે.

રાંદેસણાં એક દંપત્તિ કોરોનાની ઝપટમાં આવ્યુ છે. મળતી વિગતો પ્રમાણે રાંદેસણનો ૫૯ વર્ષીય પુરૂષ જે કન્સ્ટ્રકશન ક્ષેત્રે કામ કરે છે તેનો તથા તેની પત્નીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં માણસા અર્બનમાંથી ૨ કે કેસ મળ્યા છે. માણસા અર્બનમાંથી ૬૫ વર્ષીય પુરૂષ તેમજ ૨૧ વર્ષની મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત માણસા તાલુકાના બોરૂ ગામેથી એક ૨૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાંથી આજે ૬ કેસ મળી આવ્યા છે. જેમાં પાંચ કલોલ અર્બનમાંથી કેસ મળ્યા છે તો એક કેસ ધમાસણા ગામેથી મળ્યો છે. મળતી વિગતો પ્રમાણે કલોલ અર્બન-૧ ના વિસ્તારમાંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે કલોલ અર્બન-૨ માંથી ૩ પુરૂષ અને એક ૨૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકાના ધમાસણા ગામેથી એક ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં દહેગામ તાલુકાના નાંદોલ ગામેથી બે કેસ મળ્યા છે. જેમાં એક કેસ પુરૂષ દર્દીનો અને બીજો મહિલાનો છે. આ ઉપરાંત કડાદરામાંથી પણ ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામ અર્બનમાંથી પણ એક કેસ મળી આવેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વધુ ૫ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં હાલ ૨૩,૧૧૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

સોનુ વરસ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુનિ.ના ખેડૂતો માટેના હવામાન પૂર્વાનુમાન કૃષિ સલાહ માટેના જારી કરાયેલા બુલેટીનમાં જણાવ્યા મુજબ જિલ્લામાં ૨૮ મી જુલાઈ સુધી વરસાદ રહેશે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૪.૩૬ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૨૭ ડિગ્રી સે. રહે તેવી સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૭ થી ૮૧ ટકાની વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ પણ ૧૦ થી ૧૭ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે.

ખેડૂતોને સલાહ આપતા આ બુલેટીન નં. ૩૩ માં જણાવાયા મુજબ વાવણી કરેલ પાકમાં ખાલા પુરવા તેમજ વરાપ થયે નિંદામણ તથા આંતર ખેડ કરવી.

વરસાદના આગમનની સાથે જિલ્લાના વાતાવરણમાં ઠંડકનું પ્રમાણ વધ્યુ છે. જો કે વીજ વપરાશમાં હજુ જોઈએ તેવો ઘટાડો જોવા મળતો નથી.

કોરોના વિકરાળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આમ સાજા થયેલાની સંખ્યા સારવાર હેઠળના કેસો કરતાં બમણી થઈ છે. જે એક સારી બાબત કહી શકાય. શુક્રવારે મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૯૬૧૫ , આંધ્રપ્રદેશમાં ૮૧૪૭ અને તમિલનાડુમાં ૬૭૮૫ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. જ્યારે મૃત્યુઆંક પણ વધીને ૩૦ હજારથી ઉપર જતાં . કોરોનાથી થતા મૃત્યુદરમાં ભારત ફ્રાન્સને પાછળ છોડીને યાદીમાં છઠ્ઠા ક્રમે પહોંચ્યુ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય મુજબ દેશમાં કોરોના સંક્રમણના દર્દીઓનો રિકવરી રેટ ૬૩.૪૫ ટકા છે જ્યારે મૃત્યુદર ૨.૩ ટકા છે. તો મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ કોરોના પોઝીટીવ આવતાં ભાજપમાં હલચલ મચી હતી.

આરોગ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૧૩ લાખને પાર થઈ ગયો હતો.. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૪૮૯૧૬ કેસ નોંધાતા કુલ કેસ ૧૩૩૬૮૬૧ થઈ ગયા છે.

જોકે, એક રાહતરૂપ બાબત સમાન ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૨૩૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૮૪૯૪૩૨ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૭૫૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોનાના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૩૧૩૫૮ સુધી પહોંચી ગઈ છે.

દિલ્હીમાં ટૂંક સમયમાં સિનેમાઘરોને ખોલી દેવાશે. જેના માટે રાજધાનીના સિનેમાઘરોમાં તૈયારી શરૂ કરી દેવાઈ છે.ઁફઈ સિનેમાના ઝઈ દત્તાએ કહ્યું કે, અમે સેનેટાઈઝેશન અને માસ્ક લગાડવા જેવા નિયમોનું પાલન કરીશું.

મહારાષ્ટ્રના નાગપુરમાં શનિવાર અને રવિવારે જનતા કર્ફ્યૂ લગાડવામાં આવ્યું છે. આજે સવારે બજાર બંધ રહ્યા અને રસ્તા ખાલી જોવા મળ્યા. નાગપુરમાં અત્યાર સુધી ૩ હજારથી વધુ કેસ સામે આવી ચુક્યા છે.

દેશમાં કોરોના વાયરસના સૌથી વધારે ૩૫૭૧૧૭ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે જ્યારે ૧૩૧૩૨ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૯૯૭૪૯ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૩૩૨૦ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૨૮૩૮૯ કેસ નોંધાયા છે જ્યારે ૩૭૭૭ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કર્ણાટક આ યાદીમાં ચોથા સ્થાન પર પહોંચી ગયું છે. કર્ણાટકમાં અત્યાર સુધીમાં ૮૫૮૭૦ કેસ નોંધાયા છે જ્યારે ૧૭૨૪ લોકોના મોત થયા છે. ત્યારબાદ આંધ્ર પ્રદેશ ૮૦૮૫૮ કેસ સાથે પાંચમાં અને ઉત્તર પ્રદેશ ૬૦૭૭૧ કેસ સાથે છઠ્ઠા ક્રમાંક પર છે.

અનલોક ભારતમાં કોરોના સંક્રમણના કેસોના વધતા પ્રમાણ પર નજર નાંખીએ તો ગયા ૨૧ દિવસમાં બે ગણા કેસ થયા છે. ૨ જૂલાઈના રોજ ભારતમાં કુલ કેસ ૬ લાખ હતા એની સામે ૨૪ જૂલાઈએ કુલ કેસ ૧૩ લાખથી વધી ગયા છે. ગયા શુક્રવારે દેશમાં કોરોના સંક્રમણના કુલ કેસ ૧૦ લાખ હતા જ્યારે સા